જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧/૨૦૧૭ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૫/૧૭**

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન**

**કૃષ્ણનગર પો સ્ટે ફસ્ટ ગુ રનં ૧૦/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦** મુજબ નો ગુનો બનેલ હોય જે ડીટેક કરવા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી જરુરી સુચના અને માર્ગદર્શન મળેલ જે આધારે સર્વે સ્કોડના પોલીસના માણસોને મળેલ બાતમી આધારે તા.૧૮/૧/૧૭ નારોજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન રાતના ૨૧/૩૦ વાગે બે શકદાર ઇસમ નિર્મલ પટેલ તથા દિપક તેમની મેસ્ટ્રો મોટર સાયકલ નંબર જીજે.૨૭. એલ. યુ. ૨૪૫૪ ની ડેકીમાં ચોરીના રૂપીયા સંતાડેલ છે, અને હાલમાં તે રૂપીયા સગેવગે કરવા માટે પાર્શનાથ ટાઉન શીપ કેનાલ પાસે ફરે છે,જે હકીકત આધારે શકદાર **(૧).નિર્મલ સ/ઓ શૈલેષભાઇ પટેલ ઉવ.૧૯ રહે.મન જે/૧૦ શીવ રેસીન્ડસી,શીલ્પ બંગ્લોઝની પાસે શ્રીરામ ચોક પાસે કૃષ્ણનગર અમદાવાદ તથા કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર** નાઓ હીરો મેસ્ટ્રો મો.સા. સાથે મળી આવતા જેને ડેકી ખોલાવી જોતા તેમાંથી એક પ્લા,થેલીમાં ભારતીય નવી ચલણી નોટો રૂપીયા બે હજારની નોટોના બંડલો મળેલ જે તમામ રૂપીયા ગણી જોતા બે હજારની કુલ ૩૫૦ નોટો કુલ્લે **રૂપીયા ૭,૦૦,૦૦૦/-** મળી આવેલ તેમજ સદરી શકદારોની અંગ જડતી માંથી **મોબાઇલ નંગ ૩ કિમત રૂપિયા ૩૫૦૦/-** તથા **હીરો મેસ્ટ્રો મોટર સાયકલ નંબર જીજે ૨૭ એલયુ ૨૪૫૪, કિમત રૂપિયા ૩૦,૦૦૦/-** ગણી શકાય,કબજે કરેલ અને સદરી શકદારોને મળી આવેલ રૂપીયા બાબતે વિશ્વાસમા લઇ પુછતા તા.૧૪/૧/૧૭ નારોજ ઉતરાયણનો તહેવાર હોય મહાસુખનગરમા ધાબા ઉપર પતંગ ચગાવવા માટે ગયેલા, અને મકાન ૨૩૭ નુ બંધ હોય રાતના સમયે મકાન માથી રોકડા રૂપિયા આઠ લાખની ચોરી કરેલાને કબુલાત આપતા હોય,આરોપી નં (૧) નિર્મલ સ/ઓ શૈલેષભાઇ પટેલને કલાક ૨૩/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે અટક કરી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને નજરકેદ રાખી કુલ રૂપિયા ૭,૩૩,૫૦૦/- મત્તાના મુદ્દામાલ સાથે અટક કરી આગળની તપાસ હાથ ધરી છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)